Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 2 • Issue :37• Date : 02-01-2025 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

"GURU KRUPA" RAJPUT PARA, NEAR MATAJI TEMPLE, MANI BAZAR, MALIA - 362245. DIST. JUNAGADH. EDITOR : HEMANSHU HARISHBHAI PATIL

## ભૂલકાઓ જે જોવે તે જ શીખે છે, માટે કલેક્ટરશ્રીએ શાળાના બાળકોને શિસ્ત શીખવવા જાતે વર્ગખંડની બહાર વિખરાયેલા પગરખાં લાઈન બદ્ધ ગોઠવી સારી ટેવ માટે અનુરોધ કર્યો

ગાંધીનગર,

મોબાઈલનાં વધતા જતા ઉપયોગને કારણે પ્રવેશેલા દૂષણો દૂર થાય અને સંસ્કૃતિ જીવંત રહે તે હેતુથી વડીલો, માતાઓને હાલરડાં જેવી પરંપરા જીવંત કરવા નમ્ર અપીલ કરતાં કલેક્ટરશ્રીઅરજદારોને જરા પણ હાલાકીનો સામનો કરવો ન પડે તે માટે અરજદારને જ ભગવાન સમજવાના મૂળ મંત્ર સાથે અધિકારીઓ અને કર્મચારીઓને હંમેશા અરજદારો માટે બનતું કરવાનો આગ્રહ કલેક્ટર શ્રી ગાંધીનગર મેહુલ કે. દવે રાખે છે.અને તેના માટે હંમેશા જુદા જુદા ગામડાઓની ઓચિંતી મુલાકાત કરી કાર્ય નિરીક્ષણ કરતા રહે છે. આ જ



રીતે કલેક્ટરશ્રી ગાંધીનગર મેહુલ કે. દવે શિક્ષણ પ્રત્યે પણ ખૂબ જ નોંધનીય કામગીરી કરી રહ્યા છે, જેના પગલે તેઓ આસપાસના ગામડાઓની સરકારી શાળાઓ તથા આંગણવાડીઓની મુલાકાત પણ કરતા રહે છે. આ મુલાકાતો દરમિયાન તેઓ પોતે વર્ગખંડમાં જઈ બાળકોની જ્ઞાન કસોટી કરવા સાથે સાથે શૈક્ષણિક કાર્ય કેવું ચાલી રહ્યું છે, તે અને શિક્ષણ સાથે સંસ્કાર સિંચનની પ્રવૃત્તિઓને વેગ આપવા માટે આગ્રહ કરતાં પણ જોવા મળે છે.ત્યારે કલેક્ટરશ્રી ગાંધીનગર દ્વારા તા.૩૧ ડિસેમ્બર ના રોજ કલોલ તાલુકાના પલસાણા ગામની મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન સૌ પ્રથમ કલેક્ટરશ્રીએ ગ્રામ પંચાયત કચેરીએ તલાટી કમ મંત્રીના રેકર્ડની સામાન્ય દફતર તપાસણી કરી હતી.જેમાં જન્મ મરણ રજિસ્ટર, નમૂના ૨, વસુલાતની પહોંચો વિગેરે ચકાસી રેકર્ડ અદ્યતન કરવા તેમજ વસુલાત માટે સઘન પ્રયાસો હાથ ધરવા સૂચના આપી હતી. આ મુલાકાત અંતર્ગત ગ્રામ પંચાયત કચેરીએ ગ્રામજનો સાથે સંવાદ કરી તેમની સાથે આત્મીયતાપૂર્વક વાર્તાલાપ પણ કર્યો હતો.આ ઉપરાંત રોડ અને પેટા આરોગ્ય કેન્દ્ર નિર્માણ અંગે જે તે વિભાગના અધિકારીઓને સૂચના આપી ગ્રામજનોની સુખાકારી માટે કટિબદ્ધતાથી કાર્ય કરવા જણાવ્યું હતું. તદુપરાંત મોબાઈલનાં વધતા જતા ઉપયોગને કારણે પ્રવેશેલા દૂષણો દૂર થાય અને નવી પેઢી આપણી પરંપરા અને સંસ્કૃતિને જાણે તે માટે તથા ગ્રામસંસ્કૃતિના ઉત્થાન હેતુ વડીલો, માતાઓને મોબાઈલનો લઘુતમ ઉપયોગ કરી હાલરડાં ગાવા જેવી પરંપરાઓ જીવંત કરવા નમ્ર અપીલ કરી હતી.પલસાણા ગામના આયુષ્માન આરોગ્ય કેન્દ્રની મુલાકાત લઈ દૈનિક ઓપીડી, દવાઓની ઉપલબ્ધતા, જરુરી આરોગ્ય સુવિધાઓ વિગેરેની સમીક્ષા કરી અને આરોગ્ય ચકાસણી માટે આવેલ શિશુ બાળાની કલેકટર શ્રી એ રૂબરૂ ચકાસણી કરાવી બાળકની માતાઓના પ્રતિભાવ પણ મેળવ્યા હતા. ઉલ્લેખનીય છે કે,કલેકટર શ્રી ગાંધીનગર શિક્ષણ ક્ષેત્રે પણ સુધારણા માટે ખૂબ જ સમર્પિત છે ત્યારે , પ્રાથમિક શાળા પલસાણાની મુલાકાત દરમિયાન વર્ગખંડ પ્રવેશ દ્વારે વિદ્યાર્થીઓના પગરખાં અસ્તવ્યસ્ત જોઈ, કલેકટરશ્રી એ જાતે યોગ્ય લાઈનબંધ મુકી વિદ્યાર્થીઓમાં ભણતર સાથે સારી ટેવો પણ આ ઉંમરથી સ્થાપિત થાય તે બાબતોની કાળજી રાખી શિક્ષણ સાથે સંસ્કાર સિંચન કરવા શાળાના શિક્ષકોને તથા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. કારણ કે વિદ્યાર્થીઓ દેશનું ભવિષ્ય છે અને ભવિષ્ય ઉજ્જવળ બનાવવા માટે 'શિસ્ત' એ મહત્વનો પાયો છે?.વર્ગખંડમાં વિદ્યાર્થીઓ સાથે ઘડીયા, બાળગીતો વગેરે ગાઈ,સાંભળી બાળકો સાથે અભ્યાસ અંગે વાતચીત કરી શિક્ષકોને એકતરફી નહિ પરંતુ દ્વિપક્ષી સંવાદ થકી શિક્ષણ આપવા સૂચન કર્યું હતું. કારણ કે કલેક્ટરશ્રીનું સ્પષ્ટ માનવું છે કે, જ્યારે પ્રશ્ન હશે ત્યારે જ તમે બાળકોના મનમાં ચાલતી દ્વિધાનું નિરાકરણ કરી શકો છો.આ સિવાય કલેક્ટર શ્રીએ આંગણવાડી કેન્દ્ર ખાતે ભૂલકાઓ સાથે પ્રાર્થના કરી, હાજર વાલીઓ સાથે સ્વચ્છતા અને આંગણવાડીના બાળકોને મળતા ગરમ નાસ્તાની સુવિધા બાબતે પ્રતિભાવ મેળવ્યા હતા. અંતે હાજર કર્મચારી અધિકારીઓને સતત લોક સંપર્ક જાળવી ઉમદા કામગીરી કરવા પ્રોત્સાહિત પણ કર્યા હતા.

## નેપાળમાં નથી હોતી રવિવારે જાહેર રજા.. ચોંકાવનારું કારણ જાણો

કાઠમંડુ,

વિશ્વના મોટાભાગના દેશો તેમના કામ માટે અંગ્રેજી કેલેન્ડરને અનુસરે છે. આ કારણોસર, ત્યાંની સરકારી સાપ્તાહિક રજા રવિવારે છે. કેટલાક મુસ્લિમ દેશોમાં, રવિવારને બદલે, ત્યાંની સરકારોએ શુક્રવારને સાપ્તાહિક રજા તરીકે જાહેર કર્યો છે, કારણ કે તે ઇસ્લામમાં પવિત્ર દિવસ છે. ભારતમાં પણ સાપ્તાહિક રજા રવિવારે ઉજવવામાં આવે છે, જે દિવસે શાળાઓથી લઈને સરકારી કચેરીઓ સુધી બધું જ બંધ રાખવામાં આવે છે.

ભારતને અડીને આવેલ નેપાળ પણ એક 'હિંદુ રાષ્ટ્ર' છે.

## સરખેજ વિસ્તારમાં PCBના દરોડા, ૯ શકુનિઓને ૧ લાખ રૂપિયાનો મુદામાલ સાથે ઝડપ્યા, ૪ ફરાર

અમદાવાદ,

અમદાવાદના સરખેજ વિસ્તારમાં **PCB**એ દરોડા પાડતા ૯ શકુનિઓની અટકાયત કરી. સરખેજના રહેણાંક મકાનમાંથી જુગાર રમાતો હતો. અમદાવાદ ના સરખેજ વિસ્તારમાં **PCB**એ દરોડા પાડતા ૯ શકુનિઓની અટકાયત કરી. સરખેજના રહેણાંક મકાનમાંથી જુગાર રમાતો હતો. **PCB** ને બાતમી મળતા રહેણાંક મકાન પર દરોડા પાડી શકુનિઓની અટકાયત કરી અને ૧ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો. મળતી માહિતી મુજબ શહેરના પોશ એરિયા કહેવાતા એવા સરખેજ વિસ્તારમાં જુગારીઓ બેફામ બન્યા. સરખેજમાં રહેણાંક મકાન જુગારનો અડ્ડો બન્યો. અત્યારે લોકો થર્ટી ફસ્ટની ઉજવણીની પૂરજોશમાં તૈયારી કરી રહ્યા છે. ત્યારે ગુંડાતત્વો બેફામ ના બને અને શહેરની શાંતિ ના ડહોળાય માટે વહીવટીતંત્ર દ્વારા પોલીસ સહિત અન્ય ટીમોને પણ કામે લગાડવામાં



આવી છે. **PCB** પણ શહેરમાં દારૂ તેમજ ડ્રગ્સ જેવા નશાકારક દ્રવ્યોનું વેચાણ થતું રોકવા પૂરતા પ્રયાસ કરતા તમામ સ્થાનો પર ચેકિંગ હાથ ધર્યું છે.

શહેરના રહેણાંક મકાનને જુગારીઓ પોતાનો અડ્ડો બનાવ્યો. **PCB**એ મળેલ બાતમીના આધારે આ રહેણાંક મકાનમાંથી જુગઠું રમતા ૯ શકુનિઓની અટકાયત કરી. આ સાથે પોલીસે જુગારના અડ્ડા પરથી રૂ. ૧.૩૨ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો. પોલીસ રહેણાંક મકાન પર પંહોચી તેની જાણ થતાં જ ૪ આરોપીઓ ફરાર થઈ ગયા. દરોડા દરમિયાન ફરાર ૪ આરોપીને વોન્ટેડ જાહેર કરાયા. પોલીસે રાજ્યભરમાં દેશી દારૂના વેચાણની ગેરપ્રવૃત્તિ રોકાવા દરોડાની કાર્યવાહી હાથ ધરી છે. દરમ્યાન સાબરકાંઠામાંથી દેશી વિશાળ ભઠ્ઠી ઝડપી પાડતા ૧૧૭૨ લીટર જેટલો દેશી દારૂ જપ્ત કર્યો. ભઠ્ઠી પર દારુ ગાળતા બે શખ્સોની પોલીસે અટકાયત કરી.

## તંત્રીની કલમે................

# બાંગ્લાદેશ વિનાશક પંથે

બાંગ્લાદેશની વચગાળાની સરકાર કે જે છે તો અંતરિમ સરકાર પણ અંતિમ સરકાર હોય એવી છે, તેના દ્વારા લેવામાં આવી રહેલા પગલાંને કારણે બંને દેશો વચ્ચેના સંબંધો સુધરવાના બદલે વધુ બગડવાની શક્યતાઓ છે. ખાસ કરીને બાંગ્લાદેશ જે રીતે પાકિસ્તાનની નજીક સરકી રહ્યું છે તે ભારત માટે માથાનો દુખાવો સાબિત થઈ શકે છે. બાંગ્લાદેશમાં નેતૃત્વ કક્ષાએ અને લોકજીવનમાં પણ તેના જન્મદાતા ભારત પ્રત્યે ખિન્નતા રાખનારા પરિબળો છે તેની ભારતને હવે ખબર પડી છે અને આ ખબર બહુ જ મોડી પડી છે. મોકો હાથમાં આવતાવેંત પાકિસ્તાની જાસૂસોએ બાંગ્લાદેશની નાસમજ પ્રજા પર ભારત વિરોધી પ્રચારની માયાવી જાળ પાથરી દીધી છે. ભારતથી વિમુખ થઈને બાંગ્લા પ્રજા પોતે જે ડાળ પર બેઠી છે એ જ ડાળ કાપી રહી છે અને એનું તેમનામાંથી કોઈને ભાન નથી. ભારતની જગ્યાએ બીજો કોઈ દેશ હોય તો બાંગ્લા લોકોના આંતર કલહનો લાભ લઈને પોતાની સીમાઓ વિસ્તારી હોય અને રાજકીય હસ્તક્ષેપ દ્વારા પોતાની પપેટ સરકાર ગોઠવી પણ હોય. આવી હીન પ્રવૃતિ ભારતે કરી નથી, પરંતુ પાકિસ્તાને તો એમ જ કરીને ભારતને વધારાનો આઘાત આપ્યો છે. પડોશી દેશમાં તાજેતરમાં થયેલ સત્તા પરિવર્તન કંઈ સરળ લોકતાંત્રિક પ્રક્રિયાનું પરિણામ ન હતું. એટલે એ પછી થોડી અરાજકતા સર્જાય એ સ્વાભાવિક હતું. પરંતુ સત્તા પરિવર્તન સાથે શરૂ થયેલી હિંદુઓ અને અન્ય લઘુમતીઓ સામેની હિંસા વચગાળાની સરકારની રચના પછી પણ ચાલુ રહી. આ એક સંકેત હતો કે બાંગ્લાદેશનું નવું નેતૃત્વ કાં તો ઇસ્લામિક કટ્ટરપંથી તત્ત્વોના પ્રભાવ હેઠળ છે અથવા તેમને કાબૂમાં રાખવામાં અસમર્થ છે. લાંબી સરહદ ધરાવતા આ પાડોશી દેશમાં આવી ઘટનાઓ સીધી ભારતને અસર કરે છે. તેથી ભારતે બાંગ્લાદેશની વચગાળાની સરકારને વારંવાર લઘુમતીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા કહ્યું છે. પરંતુ ત્યાંની સરકાર નક્કર પગલાં લેવાને બદલે હિંસાની આ ઘટનાઓને નકારતી રહી છે. આ સાથે તેણે એવું વલણ અપનાવવાનું શરૂ કર્યું કે જેનાથી બંને દેશો વચ્ચે તણાવ વધી શકે. બાંગ્લાદેશની હાલની વચગાળાની સરકાર જાણે કે હિન્દુ વિરોધી ઘટનાઓથી રાજી છે એવું ચિત્ર ઉપસે છે. પાકિસ્તાનની જેમ બાંગ્લાદેશમાં ટૂંક સમયમાં લોકશાહીના રહ્યા સહ્યા અવશેષોનો પણ વિનાશ કરવામાં આવશે. બાંગ્લાદેશ આમ પણ ઘણા લાંબા સમયથી જોબલેસ કન્ટ્રી તરીકે ઓળખાય છે. પ્રજામાં શાસકો સામે વિદ્રોહ હતો જેને પાક જાસૂસોએ હિન્દુઓ સામેના વિરોધ રૂપે ટ્વિસ્ટ કરાવ્યો છે. આખું એશિયા જાણે છે કે આ રીતે આગળ ધપવાની બાંગ્લા પ્રજાના હાલ શું થવાના છે, પરંતુ ખુદ બાંગ્લાદેશના નવા નેતાઓ એમના દેશના ભવિષ્યનો વિચાર કરવા તૈયાર નથી.

# દિલ્હીમાં કોણે બનાવી હતી સૌપ્રથમ સરકાર?.. રાજધાનીના પહેલા CM કોણ હતા?.. જાણો

નવીદિલ્હી

દિલ્હી વિધાનસભાની ચૂંટણી માટે તમામ મોટા પક્ષોએ કમર કસી લીધી છે. દિલ્હીના પૂર્વ સીએમ અરવિંદ કેજરીવાલના રાજીનામા બાદ પાર્ટીએ આતિશીને મુખ્યમંત્રી બનાવ્યા હતા. પરંતુ સૂત્રોના જણાવ્યા અનુસાર જો આ વખતે આમ આદમી પાર્ટી જીતે છે તો અરવિંદ કેજરીવાલ ફરીથી મુખ્યમંત્રી બની શકે છે. પરંતુ શું તમે જાણો છો કે દિલ્હીના પહેલા મુખ્યમંત્રી કોણ હતા અને કઈ પાર્ટીના હતા ? દિલ્હી વિધાનસભા ચૂંટણી ૨૦૨૫માં સત્તા માટેની મુખ્ય લડાઈ આમ આદમી પાર્ટી અને ભારતીય જનતા પાર્ટી વચ્ચે છે. ચૂંટણીની તૈયારીમાં દિલ્હીના પૂર્વ સીએમ અને દિલ્હીના વર્તમાન સીએમ આતિષી ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત છે. પરંતુ શું તમે જાણો છો કે જ્યારે દિલ્હીમાં પહેલીવાર ચૂંટણી યોજાઈ હતી, ત્યારે કયો પક્ષ જીત્યો હતો? આજે અમે તમને જણાવીશું કે સ્વતંત્ર ભારતમાં દિલ્હીના પ્રથમ મુખ્યમંત્રી કોણ હતા. તમને જણાવી દઈએ કે કોંગ્રેસના ચૌધરી બ્રહ્મ પ્રકાશને દિલ્હીના પહેલા



મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા હતા. ૧૯૫૨માં દિલ્હીમાં પ્રથમ વખત ચૂંટણી યોજાઈ હતી. જો કે ચૂંટણી પછી દેશબંધુ ગુપ્તાને મુખ્યમંત્રી બનાવવાની જાહેરાત કરવામાં આવી હતી, પરંતુ તેમનું વિમાન દુર્ઘટનામાં મૃત્યુ થયું હતું.

જે બાદ ચૌધરી બ્રહ્મ પ્રકાશને દિલ્હીના સીએમ બનાવવામાં આવ્યા. ચૌધરી બ્રહ્મ પ્રકાશ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના નેતા હતા અને સ્વતંત્રતા સેનાની પણ હતા. ઈતિહાસકારોના મતે તેઓ આઝાદીની ચળવળ દરમિયાન ઘણી વખત જેલમાં પણ ગયા હતા. ચૌધરી બ્રહ્મ પ્રકાશ ૧૭ માર્ચ ૧૯૫૨ થી ૧૨ ફેબ્રુઆરી ૧૯૫૫ સુધી દિલ્હીના સીએમ હતા.સ્વતંત્ર ભારતમાં કોંગ્રેસ પાર્ટી કેન્દ્રમાં અને મોટાભાગના રાજ્યોમાં સત્તામાં હતી. દિલ્હીમાં પણ લાંબા સમય સુધી મુખ્યમંત્રી કોંગ્રેસ પાર્ટીના જ હતા. દિલ્હીના બીજા મુખ્યમંત્રી ગુરુમુખ નિહાલસિંહ હતા. તેમનો કાર્યકાળ ૧૨ ફેબ્રુઆરી ૧૯૫૫ થી ૧ નવેમ્બર ૧૯૫૬ સુધીનો હતો. જો કે, આ પહેલા ગુરમુખસિંહ ૧૯૫૨ની સામાન્ય ચૂંટણીમાં દિલ્હી વિધાનસભાના સભ્ય તરીકે ચૂંટાયા હતા.

# ચાલુ નાણાકીય વર્ષમાં ભારતીય અર્થવ્યવસ્થાનો વિકાસ દર ૬.૬ ટકા રહેવાનો અંદાજ

નવીદિલ્હી

ભારતીય અર્થતંત્ર હાલમાં મજબૂત અને સ્થિર દેખાય છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના રિપોર્ટ અનુસાર, ચાલુ નાણાકીય વર્ષમાં ભારતીય અર્થવ્યવસ્થાનો વિકાસ દર ૬.૬ ટકા રહેવાનો અંદાજ છે. **RBI** એ કહ્યું કે ગ્રામીણ વિસ્તારોમાં વપરાશ વધ્યો હોવાથી અર્થતંત્રને વેગ મળી રહ્યો છે. તેમજ સરકારી ખર્ચ અને રોકાણમાં પણ ઝડપથી વધારો થયો છે. સર્વિસ સેક્ટરમાંથી નિકાસ વધુ મજબૂત બની રહી છે. **RBI**ના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ભારતીય નાણાકીય વ્યવસ્થાની સ્થિતિ પણ મજબૂત છે. બેંકોના નફામાં વધારો થયો છે. તેમની પાસે પૂરતી મૂડી અને રોકડ છે. વધુમાં, બેંકો પાસે હવે ઓછી બેડ લોન (નોન-પર્ફોર્મિંગ એસેટ્સ) છે. તેમનું ડેટ પરનું વળતર (**ROA**) અને રોકાણ પરનું વળતર (**ROE**) દાયકાઓમાં શ્રેષ્ઠ છે. મોંઘવારી અંગે રિપોર્ટમાં એવું પણ કહેવામાં આવ્યું હતું કે આવનારા સમયમાં અનાજની કિંમતોમાં ઘટાડો થવાની સંભાવના છે. બમ્પર ખરીફ અને રવિ પાક થઈ રહ્યા છે. જો કે,




આબોહવા પરિવર્તન અને વૈશ્વિક સંઘર્ષોને કારણે કેટલાક જોખમો રહે છે. તેનાથી કિંમતો પર અસર પડી શકે છે. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે બેંકો પાસે પ્રતિકૂળ પરિસ્થિતિઓનો સામનો કરવા માટે વધારાની મૂડી પણ છે. જ્યાં સુધી ભારતીય અર્થવ્યવસ્થાનો સંબંધ છે, **RBI**એ કહ્યું કે ૨૦૨૪-૨૫ના પ્રથમ છ મહિનામાં જીડીપી વૃદ્ધિ દર ૬ ટકા રહી શકે છે. ગયા વર્ષના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં તે ૮.૨ ટકા અને બીજા ભાગમાં ૮.૧ ટકા હતો. આરબીઆઈનું માનવું છે કે આગામી કેટલાક મહિનામાં વૃદ્ધિ દર ફરી સુધરશે. કારણ કે સરકારી ખર્ચ, રોકાણ અને મજબૂત સેવા નિકાસને કારણે અર્થતંત્રને ટેકો મળશે.

# દારૂની એક બૉટલ વેચવા પર કેટલું કમાય છે સરકાર?.. જાણો

નવીદિલ્હી

દેશમાં ટેક્સ કલેક્શનનું સંપૂર્ણ નેટવર્ક છે. ખાવાથી લઈને રસ્તા પર ચાલવા સુધીની દરેક વસ્તુ માટે અમે સરકારને ટેક્સ ચૂકવીએ છીએ. દારૂ પીતી વખતે પણ. હા, સરકારો દારૂના વેચાણ પર એક્સાઇઝ ટેક્સના નામે ટેક્સ વસૂલે છે. તમને જાણીને નવાઈ લાગશે કે કોઈપણ રાજ્યની આવકનો મોટો હિસ્સો દારૂના વેચાણમાંથી આવે છે. આ જ કારણ છે કે કોઈપણ સરકાર દારૂબંધી જેવો નિર્ણય લેતા પહેલા ૧૦૦ વાર વિચારે છે. હકીકતમાં, રાજ્યની આવકનો ૧૫ થી ૩૦ ટકા હિસ્સો દારૂના વેચાણમાંથી આવે છે. દેશના કેટલાક રાજ્યોને બાદ કરતાં મોટાભાગના રાજ્યો દારૂના વેચાણ પર ભારે ટેક્સ વસૂલે છે અને પોતાની તિજોરી ભરે છે. શું તમે દારૂ પરના ટેક્સ વિશે જાણો છો? શું તમે જાણો છો કે દારૂની એક બૉટલ વેચીને સરકાર કેટલી કમાણી કરે છે? કોઈપણ રાજ્યની અર્થવ્યવસ્થાનો મુખ્ય સ્રોત દારૂનું વેચાણ છે. જો આપણે આંકડાઓ પર નજર કરીએ તો, ગોવા, ઉત્તરપ્રદેશ, કર્ણાટક, મહારાષ્ટ્ર જેવા રાજ્યો દારૂ પર આબકારી વસૂલાતની બાબતમાં આગળ છે. અહીં આબકારી વસૂલાત ખૂબ જ વધારે છે. રિપોર્ટ્સ વિશે વાત કરીએ તો, ૨૦૨૦-૨૧માં સરકારે એક્સાઈઝ ડ્યૂટીમાંથી અંદાજે ૧ લાખ ૭૫ હજાર કરોડ રૂપિયાની કમાણી કરી હતી. આ મામલે ઉત્તરપ્રદેશ રાજ્ય સૌથી આગળ છે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ઉત્તર પ્રદેશે એક્સાઈઝ ડ્યૂટીમાંથી ૪૧,૨૫૦ કરોડ રૂપિયાની આવક મેળવી હતી. તમે દારૂના વેચાણ પર વસૂલવામાં આવતી એક્સાઈઝ ડ્યૂટીથી થતી જંગી આવકથી વાકેફ હશો, હવે તમે વિચારતા હશો કે, જો કોઈ વ્યક્તિ દારૂની બૉટલ ખરીદે તો સરકારને કેટલા પૈસા મળશે? વાસ્તવમાં, આવા કિસ્સાઓમાં, દરેક રાજ્યની સરકાર અલગ-અલગ.

# દેશમાં આગામી નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૦૨૬ના બજેટની તૈયારીઓ શરૂ




નવીદિલ્હી,

ભારતમાં વેચાતા લગભગ તમામ સ્માર્ટફોનમાંથી મોટોભાગના ભારતમાં જ બનેલા હોય છે. સરકારની મેક ઈન ઈન્ડિયા અને **PLI** યોજનાએ, દેશમાં મોબાઈલ મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપવામાં ઘણી મદદ કરી છે. ભારતમાંથી **Apple, iPhone**ની નિકાસ પણ અનેક ગણી વધી છે. આવી સ્થિતિમાં દેશમાં જ્યારે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૦૨૬ના સામાન્ય બજેટની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે, ત્યારે સામાન્ય વર્ગના લોકો એવી અપેક્ષા રાખી રહ્યાં છે કે, જે રીતે મોદી સરકાર મેક ઈન ઈન્ડિયાને પ્રમોટ કરી રહ્યાં છે તે જોતા દેશમાં બનેલા મોબાઈલ ફોન આવનારા દિવસોમાં સસ્તા થઈ શકે છે. ભારતમાં ફોન મેન્યુફેક્ચરિંગ સાથે સંકળાયેલી કંપનીઓએ તાજેતરમાં નાણા મંત્રાલયને એક પ્રેઝન્ટેશન આપ્યું હતું, જેમાં તેમણે ફોનમાં ઉપયોગમાં લેવાતા વિવિધ ભાગો પરની આયાત ડ્યૂટી ઘટાડવા વિનંતી કરી હતી. ફોન ઉત્પાદકોએ ફોનમાં વપરાતા માઈક્સ, રીસીવર, સ્પીકર્સ અને ફ્લેક્સિબલ પ્રિન્ટેડ સર્કિટ એસેમ્બલી પરની આયાત ડ્યૂટી ઘટાડવાની માંગ કરી છે. હાલમાં આ આયાતી વસ્તુઓ પર ૧૫ ટકા ટેક્સ છે અને ઉત્પાદકો ઈચ્છે છે કે સરકાર તેને ઘટાડીને ૧૦ ટકા જેટલો કરે એટલું જ નહીં, તેમણે સરકારને પ્રિન્ટેડ સર્કિટ બોર્ડ (**PCB**)ના ભાગોને ડ્યુટી ફ્રી બનાવવા માટે રજૂઆત કરી છે, પ્રિન્ટેડ સર્કિટ બોર્ડ ઉપર હાલમાં ૨.૫ ટકા ટેક્સ લાગેલો છે. અંગ્રેજીમાં પ્રકાશીત થતા આર્થિક દૈનિકના અહેવાલ અનુસાર, ફોન ઉત્પાદકોએ સરકારને ફરજિયાત પરીક્ષણ અને પ્રમાણપત્ર પર સબસિડી, કોર્પોરેટ ટેક્સ પર ૧૫ ટકામાંથી મુક્તિ અને ઘટકો માટે અલગ ક્લસ્ટર બનાવવાની પણ માંગ કરી છે. મોબાઈલ અને કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગની વૈશ્વિક સપ્લાય ચેઈનમાં ભારત મુખ્ય ખેલાડી બનવા તરફ કામ કરી રહ્યું છે. આવી સ્થિતિમાં ચીન અને વિયેતનામ જેવા દેશો તેના માટે મોટો પડકાર છે. ભારતમાં, મોબાઈલ ફોન બનાવવામાં ઉપયોગમાં લેવાતા ઘટકો પર હજુ પણ ૭ થી ૭.૨ ટકા જેટલો ટેક્સ વસૂલવામાં આવે છે, જે ચીન અને વિયેતનામ કરતા વધારે છે. ઈન્ડિયા સેલ્યુલર એન્ડ ઈલેક્ટ્રોનિક્સ એસોસિએશને થોડા દિવસો પહેલા નાણામંત્રી સાથે થયેલી પ્રી-બજેટ ચર્ચામાં આ તમામ પાસાઓ સરકાર સમક્ષ મૂક્યા હતા. જો સરકાર આ માંગણીઓ સ્વીકારે તો ભવિષ્યમાં દેશમાં બનેલા ફોન થોડા સસ્તામાં મળી શકે છે.

# ભારત Spadexનું સફળ લોન્ચિંગ કરનાર વિશ્વમાં ચોથો દેશ બન્યો

નવીદિલ્હી,

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (**ISRO**)એ સોમવારે રાત્રે ૧૦:૦૦ વાગ્યે શ્રીહરિકોટાથી **PSLV** રોકેટ દ્વારા તેનું **Spadex** મિશન (સ્પેસ ડોકિંગ એક્સપેરિમેન્ટ) લોન્ચ કર્યું હતું. **ISRO**એ તેને ભારતના સ્પેસ પ્રોગ્રામમાં 'એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ' ગણાવ્યું છે. એવું માનવામાં આવે છે કે, **ISRO**ના **Spadex** મિશનની સફળતા ભારતીય સ્પેસ સ્ટેશન (**BAS**)નું નિર્માણ અને ચંદ્રયાન-૪ મિશનની સફળતા નક્કી કરશે. આ જ કારણ છે કે આ લોન્ચિંગ ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે. આ મિશનમાં બે સેટેલાઈટ છે. પ્રથમ ચેઝર અને બીજું ટારગેટ. ચેઝર સેટેલાઈટ ટારગેટને પકડી લેશે. તેની સાથે ડોકીંગ કરશે. આ સિવાય એક વધુ મહત્વપૂર્ણ ટેસ્ટ હોઈ શકે છે. સેટેલાઈટમાંથી એક રોબોટિક આર્મ બહાર આવ્યો છે, જે હૂક દ્વારા એટલે કે ટિથર્ડ રીતે ટારગેટને પોતાની તરફ ખેંચશે. આ ટારગેટ અલગ ક્યુબસેટ હોઈ શકે છે. આ પ્રયોગથી ભવિષ્યમાં ઈસરોને ભ્રમણકક્ષા છોડીને અલગ દિશામાં જઈ રહેલા સેટેલાઈટને ફરી ભ્રમણકક્ષામાં લાવવાની ટેક્નોલોજી મળશે. આ ઉપરાંત ઓર્બિટમાં સર્વિસિંગ અને રિફ્યુઅલિંગનો વિકલ્પ પણ ખુલી જશે. **Spadex** મિશનમાં બે અલગ-અલગ અવકાશયાન અવકાશમાં જોડાતા



દર્શાવવામાં આવશે. ઈસરોએ જણાવ્યું હતું કે, આ ટેકનોલોજી ત્યારે જરૂરી છે જ્યારે એક જ મિશનના ઉદ્દેશ્યોને સિદ્ધ કરવા માટે ઘણા રોકેટ લોન્ચ કરવાની જરૂરી પડે છે. જો આ મિશન સફળ થશે તો ભારત વિશ્વનો ચોથો દેશ બની જશે, જેણે આ ટેક્નોલોજી હાસિક કરી લીધી છે. અત્યાર સુધી આ ટેક્નોલોજી માત્ર અમેરિકા, ચીન અને રશિયા પાસે છે. **SpaDeX** (સ્પેસ ડોકીંગ એક્સપેરીમેન્ટ) મિશન એ **ISRO**નું ઓછા ખર્ચે ટેકનિકલ મિશન છે.

તેનો ઉદ્દેશ **PSLV** રોકેટની મદદથી અવકાશમાં બે નાના યાનોના ડોકીંગ અને અનડોકીંગની પ્રક્રિયાને પૂર્ણ કરવાનો છે. **ISRO**ના અનુસાર આ ટેક્નોલોજી ભારતના ભવિષ્યના સ્પેસ મિશન જેમ કે ચંદ્ર પર માનવ મિશન, ચંદ્ર પરથી સેમ્પલ લાવવા અને ઈન્ડિયન સ્પેસ સ્ટેશન (**BAS**)ના નિર્માણ અને સંચાલન માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. ચંદ્રયાન-૪ માટે અવકાશમાં ડોકીંગ એ ખૂબ જ મહત્વપૂર્ણ ટેકનોલોજી છે. ડોકીંગ એટલે બે જુદા-જુદા ભાગોને એકબીજા તરફ લાવીને જોડાવા. અવકાશમાં બે અલગ-અલગ વસ્તુઓને જોડવાની આ ટેકનોલોજી ભારતને પોતાનું સ્પેસ સ્ટેશન બનાવવામાં મદદ કરશે. તે ચંદ્રયાન-૪ પ્રોજેક્ટમાં પણ મદદ કરશે. **SpaDex** એટલે એક જ સેટેલાઈટના બે ભાગ જેને એક જ રોકેટમાં મૂકીને લોન્ચ કરવામાં આવ્યા છે. આ બન્નેને અવકાશમાં અલગ-અલગ જગ્યાએ છોડવામાં આવશે.

# ૨૦૨૫માં રાહુલ ગાંધી કરતાં બહેન પ્રિયંકા વધુ સફળ થશે : જ્યોતિષીનો દાવો



નવીદિલ્હી

દેશ અને દુનિયાભરમાં લોકો નવા વર્ષને ઉત્સાહ સાથે આવકારવાની તૈયારી કરી રહ્યા છે. આ ક્રમમાં, વર્ષ ૨૦૨૫ ભારતીય રાજકીય દૃષ્ટિકોણથી પણ મહત્વપૂર્ણ રહેવાનું છે. વારાણસીના જ્યોતિષ પંડિત સંજય ઉપાધ્યાય દ્વારા દેશના પ્રખ્યાત રાજકારણીઓની કુંડળી તૈયાર કરવામાં આવી છે. તેમણે સાંસદ પ્રિયંકા ગાંધી, રાહુલ ગાંધી, યુપીના સીએમ યોગી આદિત્યનાથ અને સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવની કુંડળી તૈયાર કરી છે. **ABP Live** એ તૈયાર કરેલી આ કુંડળીઓ અંગે પંડિત સંજય ઉપાધ્યાય સાથે વાત કરી છે. કાશીના જ્યોતિષી પંડિત સંજય ઉપાધ્યાયે એબીપી લાઈવ સાથેની વાતચીત દરમિયાન જણાવ્યું કે રાજનેતાઓના નામના આધારે કુંડળી તૈયાર કરવામાં આવી છે, જે મુજબ વાયનાડના સાંસદ પ્રિયંકા ગાંધીના ગ્રહોની ગતિવિધિ ખૂબ જ ઝડપી છે. તેમણે જણાવ્યું કે તેમના પોતાના પરિવારમાં નેહરુજી અને ઈન્દિરાજીની કુંડળી અનુસાર તૃતીયેશ ચતુર્થી અને સૂર્યનો સંયોગ હતો, જે પ્રિયંકા ગાંધીમાં પણ જોવા મળી રહ્યો છે. આ સિવાય ચંદ્ર, રાહુલ અને શુક્ર પણ હાજર છે જે રાજકીય દ્રષ્ટિકોણથી ખૂબ જ મહત્વપૂર્ણ છે. જ્યારે સાંસદ રાહુલ ગાંધીના નામની રાશિના આધારે શનિની દ્રષ્ટિ પાંચમા ભાવમાં છે અને સાતમી રાશિ મેષ છે. આવી સ્થિતિમાં, આ રાજકારણીઓની કારકિર્દીમાં રાજકીય વાતો ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. આ રાશિઓના આધારે પ્રિયંકા ગાંધીની રાજકીય વાતો રાહુલ ગાંધીની તુલનામાં વધુ સફળ સાબિત થશે. ઉત્તર પ્રદેશના રાજકીય ક્ષેત્ર સાથે જોડાયેલા પ્રસિદ્ધ રાજનેતાઓની નામ કુંડળી અંગે પંડિત સંજય ઉપાધ્યાયે કહ્યું કે સીએમ યોગીના નામ પ્રમાણે સૂર્ય ધનુ રાશિ પર સ્થિત છે જે તેમના મોટાભાગના કાર્યોમાં સફળતા અપાવશે. કોઈપણ રીતે, સૂર્ય રાજાઓ બનાવવા માટે જાણીતો છે, તેથી રાશિચક્ર અનુસાર, **CM** યોગીના મોટાભાગના રાજકીય દાવપેચ સફળ થશે. જ્યારે **SP** નેતા અખિલેશ યાદવની નામ રાશિ અને ગ્રહોની સ્થિતિ વર્ષ ૨૦૨૫માં ઉતાર-ચઢાવનો સંકેત આપી રહી છે. અખિલેશ યાદવને તેમના નજીકના લોકો પણ દગો આપી શકે છે. વર્ષ ૨૦૨૫માં ભારતીય રાજનીતિમાં સ્થિરતા આવશે. આર્થિક દૃષ્ટિકોણથી વર્ષ ૨૦૨૫ ભારત માટે ખૂબ જ મહત્વપૂર્ણ રહેવાનું છે.

# અંબાલાલ પટેલની ચેતવણી : ગુજરાતમાં કડકડતી ઠંડીનો પારો



ગાંધીનગર,

ગુજરાતના હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે રાજ્યમાં ઉત્તરાયણ દરમિયાન વરસાદની આગાહી અને ઠંડીમાં પણ વધારો થશે. રાજ્યના હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે રાજયમાં આગામી દિવસોમાં હવામાનમાં ભારે પલટો આવવાની આગાહી કરી છે. જાન્યુઆરી માસના પ્રથમ સપ્તાહમાં ગુજરાતમાં કડકડતી ઠંડીનો અનુભવ થશે. ઉત્તર-મધ્ય ગુજરાત અને પંચમહાલના કેટલાક ભાગોમાં તાપમાન ૮ ડિગ્રી સુધી ઘટી શકે છે. વલસાડ અને જામનગરમાં પણ ઠંડીનો ચમકારો અનુભવાશે. જાન્યુઆરી માસમાં હવામાનમાં ભારે પલટો આવશે. ૪થી ૮ જાન્યુઆરીમાં ગુજરાતમાં કડકડતી ઠંડી પડી શકે છે. ઉત્તર-મધ્ય ગુજરાત, પંચમહાલના ભાગોમાં ન્યૂનતમ તાપમાન ૮ ડીગ્રી જેટલું રહેવાની શક્યતા. વલસાડ અને જામનગરના ભાગોમાં ઠંડી પડવાની શકયતા વધુ છે. કચ્છ, નલિયાના ભાગોમાં ન્યૂનતમ તાપમાન ઘણું ઘટી શકવાની સંભાવના છે. ઉત્તરાયણના દિવસે રાજ્યના અનેક ભાગોમાં કમોસમી વરસાદ પડવાની શક્યતા છે. ઉત્તર – મધ્ય અને પૂર્વ ગુજરાત, કચ્છ, પંચમહાલના કેટલાક ભાગોમાં માવઠાની શક્યતા છે. સૌથી ચિંતાજનક બાબત એ છે કે, ઉત્તરાયણના દિવસે રાજ્યના અનેક ભાગોમાં કમોસમી વરસાદ પડવાની શક્યતા છે. ઉત્તર-મધ્ય અને પૂર્વ ગુજરાત, કચ્છ અને પંચમહાલના કેટલાક ભાગોમાં માવઠાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. કચ્છ અને નલિયા જેવા વિસ્તારોમાં ન્યૂનતમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થવાની સંભાવના છે. અંબાલાલ પટેલે ખેડૂતોને સાવચેત રહેવાની અપીલ કરી છે. તેમણે કહ્યું કે, માવઠાને કારણે પાકને નુકસાન થઈ શકે છે. આથી, ખેડૂતોએ જરૂરી સાવચેતી રાખવી જોઈએ. હવામાન વિભાગે પણ અંબાલાલ પટેલની આગાહીને ટેકો આપ્યો છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે, આગામી દિવસોમાં હવામાનમાં પલટો આવવાની સંભાવના છે.

# બ્રિજને નવા બનાવવાની કામગીરીના ભાગરૂપે સારંગપુર બ્રિજ દોઢ વર્ષ માટે બંધ, વાહનચાલકો માટે વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ



અમદાવાદ

અમદાવાદના પૂર્વ વિસ્તારમાં આવેલ સારંગપુર બ્રિજ ૧.૫ વર્ષ માટે બંધ કરવામાં આવશે. અમદાવાદ શહેરના સારંગપુર બ્રિજને નવા બનાવવાની કામગીરીના ભાગરૂપે આગામી દોઢ વર્ષ માટે બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ બ્રિજ ૨ જાન્યુઆરી, ૨૦૨૫ થી ૩૦ જૂન, ૨૦૨૬ સુધી વાહન વ્યવહાર માટે બંધ રહેશે. વૈકલ્પિક માર્ગની વિગત આશરે ૨૦૦ મીટર જેટલી લંબાઈ વાળો સારંગપુર બ્રીજ બન્ને છેડાથી વાહન વ્યવહારની અવર-જવર માટે બંધ રહેશે.

૧. ગીતા મંદિર, ગાંધી રોડ, ખાડીયા તથા શહેર તરફથી આવતો ટ્રાફિક કાગડાપીઠ પોલીસ સ્ટેશન થઈ વાણિજ્ય ભવન થઈ અનુપમ/અંબિકા બ્રિજ થઈ એપરલ પાર્ક થઈ અનુપમ સિનેમા થઈ જરૂરીયાત મુજબ અલગ અલગ મુખ્ય માર્ગનો ઉપયોગ કરી શકાશે. ૨. ગીતા મંદિર તથા શહેર તરફથી આવતો ટ્રાકિક જે કાલુપુર સર્કલ જવા માટે સારંગપુર સર્કલ થઈ રેલ્વે સ્ટેશન સામેનો એક તરફનો માર્ગ ચાલુ છે તેનો ઉપયોગ કરી મોતી મહેલ હોટલ થઈ કાલુપુર સહેલ તથા અન્ય અલગ અલગ માર્ગો તરફ જઈ શકાતી. ૩. રખિયાલ ઓઢવ તરફથી સારંગપુર બ્રીજ તરફ આવતો ટ્રાફિક રખિયાલ ૪ રસ્તાથી ન્યુ કોટન ૪ રસ્તા થઈ અનુપમ સિનેમા થઈ અનુપમ/અંબિકા બ્રીજ થઈ કાંકરીયા ગીતામંદીર થઈ શહેર તરફના અલગ અલગ મુખ્ય માર્ગો તરફ જઈ શકશે. ૪. રખિયાલ ઓઢવ તરફથી આવતો ટ્રાફિક કે જેઓને કાલુપુર સર્કલ કે કાલુપુર બ્રીજ તરફ જવા માટે કામદાર મેદાન ૪ રસ્તા થઈ ચારતોડા કબ્રસ્તાન થઈ સરસપુર ગુરુદ્વારા થઈ કાલુપુર બ્રીજ થઈ શહેરના અલગ અલગ મુખ્ય માર્ગો તરફ જઈ શકાશે. સારંગપુર બ્રિજ બંધ થવાથી શહેરના સારંગપુર આજુબાજુના વિસ્તારમાં વાહન વ્યવહાર પર નોંધપાત્ર અસર પડશે આથી, અનુપમ બ્રિજ અને કાલુપુર બ્રિજ પર વાહનોની ભીડ વધવાની શક્યતા છે. આ બાબતને ધ્યાનમાં રાખીને શહેર પોલીસ કમિશનરે વાહનચાલકોને વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવા અપીલ કરી છે.

# ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી શ્રી ઋષિકેશ પટેલની ઈજનેરી ક્ષેત્રે રી-સ્ટ્રકચરીંગની પહેલનું ઉત્તમ પરિણામ

ગાંધીનગર,

વર્ષ ૨૦૨૨ની સાપેક્ષે વર્ષ ૨૦૨૪માં સરકારી ઈજનેરી કૉલેજ★ પ્રવેશમાં ૫૭ ટકા; ઈમર્જીંગ ઈજનેરીમાં ૬૪ ટકાનો વધારો★ સરકારી ઈજનેરી કૉલેજોની સિવિલ, ઈલેકટ્રીકલ, મિકેનિકલમાં ★ ૮૦ ટકા; ઈમર્જીંગ ઈજનેરીની વિદ્યાશાખામાં ૧૦૦ ટકા બેઠકો ભરાયેલી★ વર્ષ ૨૦૨૨ની સાપેક્ષે વર્ષ ૨૦૨૪ માં સરકારી પોલીટેકનીક કોલેજ પ્રવેશમાં ૨૨ ટકા જેટલો વધારોકોઈપણ રાષ્ટ્રના, દેશના કે પછી રાજ્યના વિકાસમાં, શિક્ષણની અહમ ભૂમિકા હોય છે. શિક્ષણ દેશના વિકાસની કરોડરજ્જુ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં અને ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી શ્રી ઋષિકેશ પટેલના સમર્થ નેતૃત્વમાં રાજ્યના તમામ વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવાનો રાજ્ય સરકારનો ધ્યેય છે. જે અંતર્ગત ગુજરાતે સમયસર ઈજનેરી ક્ષેત્રે વિદ્યાશાખાઓનો રી-સ્ટ્રકચરીંગ કરી પરિણામલક્ષી કામગીરી કરી છે. જેના પરિણામે વર્ષ ૨૦૨૨ની સાપેક્ષે સરકારી ઈજનેરી કોલેજ પ્રવેશમાં ૫૭ % જેટલો વધારો નોંધાયો છે.રાજ્યમાં સરકારી ઈજનેરી કોલેજોમાં કોર બ્રાંચ જેવી કે સિવિલ, ઈલેકટ્રીકલ, મિકેનિકલમાં ૮૦ ટકા બેઠકો ભરાયેલી છે.

# નારોલમાં પતિના ત્રાસથી કંટાળીને પત્નીનો ફીનાઈલ પીને આપઘાતનો પ્રયાસ

અમદાવાદ,

નારોલમાં છૂટાછેડા માટે પતિના ત્રાસથી કંટાળીને પત્નીએ ફિનાઈલ પીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જેમાં પતિ ટ્રેનમાં દિલ્હી ખાતે નોકરી કરતો હતો. એટલું જ નહિ પતિ બારમાં જઈને દારુ પીને બારગર્લ સાથે ઐયાશી કરતો હતો. પત્નીએ મોબાઈલ ચેક કરતા બારગર્લના અને અન્ય યુવતીઓના ફોટા મળતા ભાંડો ફૂટતા મારઝૂડ કરી હતી. બીજીતરફ પડોશી પ્રેમીને આપેલા રૂા. ૮૦ હજાર પરત માંગતા તેની સાથે પણ તકરાર થઈ હતી તેણે પણ વાતચીતનું રેકોડિંગ પતિને મોકલી આપતાં પતિ છૂટાછેડા માટે દબાણ કરીને ત્રાસ આપતો હતો. જેથી કંટાળીને પત્નીએ ફિનાઈલ પીધું હતું.આ બનાવ અંગે નારોલ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



નારોલમાં રહેતી ૩૪ વર્ષની મહિલાએ નારોલ પોલીસ સ્ટેશનમાં પતિ સામે ફરિયાદ નોંધાવી છે કે તેના લગ્ન ૧૧ વર્ષ પહેલા મધ્યપ્રદેશના યુવક સાથે થયા હતા. પતિ ટ્રેનની પેન્ટ્રીમાં કામ કરતો હોવાથી પુત્રીના જન્મ બાદ પતિ દિલ્હી નોકરી કરવા જતો રહ્યો હતો અને બે-ત્રણ મહિને આવતો હતો. જ્યારે પતિ દિલ્હીમાં બારમાં દારુ પીને બારગર્લ સાથે સંબંધ રાખતો હતો અને ઘરે જતો ન હતો. જેથી પરિણીતાએ સાસરિયાઓને આ અંગે જાણ કરી પરંતુ પતિ કોઈનું માનતો ન હતો અને વધુ ત્રાસ આપીને રૂપિયા આપતો ન હતો ચાર મહિના પહેલા પતિ ઘરે આવ્યો હતો તે સમયે ફરિયાદી મહિલાએ મોબાઈલ ચેક કરતા બારગર્લ અને અન્ય યુવતીઓના ફોટા જોવા મળતા પતિને પૂછતા ઝઘડો કરીને મારીનેં પરત જતો રહ્યો હતો. બીજીતરફ પત્નીને પાડોશી યુવક સાથે આંખ મળી જતા તેને પણ મહિલા પાસેથી ટુકડે-ટુકડે રૂા. ૮૦ હજાર લીધા હતા. જે પરત માંગતા યુવકે પરિણીતાના પતિને ફોનનું રેકોડગ મોકલી દીધુ હતું જેના કારણે પતિએ છૂટાછેડા લેવાની જીદ પકડી હતી તેમજ તે રેકોડગ પતિએ પરિણીતાના પિયરવાળાને મોકલીને હેરાન કરતો હતો. જેથી કંટાળીને તા. ૯ ડિસેમ્બરે પરિણીતાએ ફીનાઈલ પીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો.

Printed, Published and Owned by SISODIYA VIJYABEN VARAJSINH and Printed at DHARTI PRINTERS : C/3, Celler, Shanker Chambers, Opp. Bata Showroom, Nr. H.K. House, Ashram Road, Ahmedabad-380009. and Published from "GURU KRUPA" RAJPUT PARA, NEAR MATAJI TEMPLE, MANI BAZAR, MALIA - 362245. DIST. JUNAGADH. EDITOR : HEMANSHU HARISHBHAI PATIL